

G7 સમિટમાં PM મોદીએ કરી મેલોની સાથે મુલાકાત

વાંચો પેજ નં. 2

RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઇન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 15 June 2024, Saturday | Page : 10 | Year : 1 | Issue : 205 | Price: 2/-




## પહેલાં નકલી મિનિટ્સ બૂક... અને હવે નકલી દસ્તાવેજો અંગે SITનો ઘટસ્ફોટ

# અગ્નિકાંડમાં 'નકલીકાંડ'

## રાજકોટ મહાપાલિકાના અધિકારીઓની નફ્ફટાઈ

## ગેમઝોન અગ્નિકાંડના બીજા દિવસે 26 મેએ મૃતકોનાં પરિવારજનો મૃતદેહ માટે ઠેર-ઠેર રઝળી રહ્યા હતા અને રાત્રે RMCમાં અધિકારીઓએ કરી 'મોટી ગેમ'

### કોર્પોરેશનના ઓરિજિનલ રજિસ્ટરનો નાશ કરી દેવાયોઃ કોર્ટમાં સ્પે. પીપી તુષાર ગોકાણીનો ખુલાસો

ભારત હેડલાઈન, તા.૧૪

રાજકોટના TRP ગેમ ઝોન અગ્નિકાંડમાં મોટા સમાચાર સામે આવ્યા છે. અગ્નિકાંડની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશનની ટીમે કોર્ટમાં સ્પે. પીપી. તુષાર ગોકાણીએ કહ્યું હતું કે ગેરકાયદે બાંધકામને કાયદેસર કરવા માટેની કોઈ અરજી જ કોર્પોરેશનમાં કરવામાં નહોતી આવી. ૨૫ મેના રોજ અગ્નિકાંડ સર્જાયા બાદ ૨૬ તારીખના રોજ ખોટા દસ્તાવેજો ઊભા કરવામાં આવ્યા હતા. બનાવના ૧ દિવસ બાદ અશોકસિંહ અને કિરીટસિંહ જાડેજાના કહ્યા બાદ ખોટા દસ્તાવેજો ઊભા કરવામાં આવ્યા હતા. કોર્પોરેશનના ઓરિજિનલ રજિસ્ટરનો નાશ કરવામાં આવ્યો હતો. જાડેજાની સૂચનાથી રજિસ્ટરનો નાશ કરવામાં આવ્યો હતો. આમ ૨૬ મેના રોજ મૃતકોનાં પરિવારજનો મૃતદેહ માટે ઠેર-ઠેર ભટકતાં હતાં, તો કોર્પોરેશનમાં રાત્રે ડોક્યુમેન્ટ્સ સાથે રમત રમતા હતા. હવે વાડ જ ચીભડાં ગળે તો પછી ફરિયાદ કોને કરવી? જ્યાં આખું તંત્ર જ સડી ગયું હોય ત્યાં પ્રજાએ જીવ ગુમાવવો ન પડે તો બીજું થાય પણ શું?

રાજકોટ અગ્નિકાંડ મામલે હાઈકોર્ટની ઝાટકણી બાદ નવી કમિટીની રચના થશે. અશ્વિની કુમારની આગેવાનીમાં નવી કમિટી રચાશે. નવી કમિટીમાં પથી ૭ સભ્યો હશે. નવી કમિટીમાં DGP સહિતના અધિકારીઓ હશે. રવિવાર સુધી રાજ્ય સરકાર કમિટીની જાહેરાત કરશે. ગઠન બાદ કમિટી ઉચ્ચ અધિકારીઓની તપાસ કરશે.

### TRP ગેમઝોનના 10મા આરોપી અશોકસિંહ જાડેજાના ચાર દિવસના રિમાન્ડ મંજૂર

TRP ગેમ ઝોન અગ્નિકાંડ મામલે પોલીસ દ્વારા ૭ દિવસના રિમાન્ડની માગણી સાથે આરોપી અશોકસિંહ જાડેજાને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. એને લઈને કોર્ટે આરોપીના ૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. કોર્ટમાં અશોકસિંહ જાડેજાએ મગરનાં આંસુ સાર્યાં હતાં. આરોપી અશોકસિંહ જાડેજાને કોર્ટમાં રજૂ કરવામાં આવતાં સ્પેશિયલ પીપી વકીલ તુષાર ગોકાણીએ દલીલ કરી હતી કે અશોકસિંહ પ્રજ્ઞા ચક્ષુ છે, તેમના પ્રત્યે સહાનુભૂતિ છે, પણ મૃત્યુ પામેલા ૨૭ લોકોના પરિવાર પ્રત્યેની સહાનુભૂતિનું શું? ઉલ્લેખનીય છે કે અશોકસિંહ જાડેજાના વકીલ દ્વારા અગાઉ આગોતરા જામીન અરજી પણ મૂકવામાં આવી હતી. જામીન મામલે સુનાવણી થાય એ પૂર્વે અશોકસિંહ જાડેજા પોલીસ સમક્ષ હાજર થયા હતા.

# વારંવાર નોટિસ છતાં હાજર ન થતાં સ્પીકરે ધારાસભ્ય પદ છીનવ્યું, AAPના પૂર્વમંત્રીને જોરદાર ઝટકો



ભારત હેડલાઈન, તા.૧૪

દિલ્હીના પૂર્વ સમાજ કલ્યાણ મંત્રી રાજકુમાર આનંદને દિલ્હી વિધાનસભાના સભ્યપદેથી અયોગ્ય જાહેર કરી દેવામાં આવ્યા છે. તેની પુષ્ટી શુક્રવારે વિધાનસભા અધ્યક્ષ રામનિવાસ ગોયલે જાતે કરી હતી. આનંદને ફોન કરવા પર કોઈ જવાબ નહોતો મળ્યો.

ઉલ્લેખનીય છે કે આનંદે બહુજન સમાજ પાર્ટી (બસપા)માં જોડાવા માટે એપ્રિલમાં આમ આદમી પાર્ટી અને દિલ્હી સરકારમાં મંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે તેમને આપેલી નોટિસનો જવાબ આપવા માટે ૧૦ તારીખ સુધીની મુદ્દત મળી હતી પણ તેમણે અત્યાર સુધી કોઈ જવાબ આપ્યો નથી.

તેમને નોટિસમાં ૧૧ જૂનના રોજ વ્યક્તિગત રીતે હાજર થવા માટે નિર્દેશ અપાયો હતો પણ તે હાજર નહોતા થયા. તેના બાદ તેમને વધુ એક તક અપાઈ હતી. ૧૪ જૂને હાજર થવા માટે કહેવાયું તો પણ તે ન આવ્યા અને આખરે દિલ્હી વિધાનસભાથી તેમનું સભ્યપદ જ સમાપ્ત કરી દેવામાં આવ્યું.



## આ વખતે ઈટાલી છે G7નું યજમાન

# G7 સમિટમાં PM મોદીએ કરી જ્યોર્જિયા મેલોની સાથે મુલાકાત

ભારત હેડલાઈન, તા.૧૪

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કર્યું. માહિતી અનુસાર પીએમ મોદી જ્યોર્જિયા મેલોનીના આમંત્રણ પર ઈટાલી ગયા છે. સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લીધા બાદ ભારતને G7 સમિટમાં આઉટરીચ કન્ટ્રી તરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે. બંનેની મુલાકાતનો વીડિયો પણ સામે આવ્યો છે. આ પહેલા તેઓ વિવિધ દેશોના દિગ્ગજ પ્રમુખો સાથે પણ મળ્યા હતા. તાજેતરમાં ઈટાલીમાં G7 સમિટનું આયોજન ચાલી રહ્યું છે. તેમાં વડાપ્રધાન મોદી પણ હાજરી આપવા પહોંચ્યા હતા. દરમિયાન તેમણે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેનુએલ મેક્રોન, બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક અને યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે મુલાકાત કરી હતી. પીએમ મોદીએ વર્લ્ડ લીડર્સ સાથે દ્વિપક્ષીય બેઠકો પણ કરી હતી.

પીએમ મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનની મુલાકાત અંગે ભારતના વિદેશ મંત્રાલયે કહ્યું કે સ્થિર અને સમૃદ્ધ વૈશ્વિક વ્યવસ્થા માટે ભારત તથા ફ્રાન્સ વચ્ચે મજબૂત અને વિશ્વસનીય વ્યૂહાત્મક ભાગીદારી મહત્ત્વપૂર્ણ છે. વાતચીત દરમિયાન બંને નેતાઓએ મેક ઈન ઈન્ડિયા પર વધુ ધ્યાન આપવાની સાથે જ વ્યૂહાત્મક સંરક્ષણ સહયોગ વધારવા સંમતિ વ્યક્ત કરી હતી.

પીએમ મોદીએ ઈમેનુએલ મેક્રોન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. બંને નેતાઓએ ભારત-ફ્રાન્સના દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી જેમાં ડિફેન્સ, ન્યૂક્લિયર, સ્પેસ, એજ્યુકેશન, ક્લાઈમેટ એક્શન, ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કનેક્ટિવિટી તથા કલ્ચરલ ઈનીશિએટિવ જેવા નેશનલ મ્યુઝિયમ પાર્ટનરશિપ અને લોકો વચ્ચે સંબંધોને વધારવામાં સહયોગ કરવા વિશે ચર્ચા કરી હતી.

# ભારતીય વાયુસેનાને પ્રથમ સ્વદેશી આત્મઘાતી ડ્રોન મળ્યા



## 30 KM રેન્જ, 2 કિલો વોર હેડ ક્ષમતા, દુશ્મનના ઘરમાં ઘૂસીને એર સ્ટ્રાઈક કરશેઃ પાકિસ્તાન–ચીન બોર્ડર પર તહેનાત કરાશે

ભારત હેડલાઈન, તા.૧૪

ભારતીય સેનાને ભારતમાં બનેલા આત્મઘાતી ડ્રોન નાગાસ્ત્ર-૧નું પ્રથમ કન્સાઈનમેન્ટ મળ્યું છે. આ ડ્રોન નાગપુરની કંપની સોલર ઈન્ડસ્ટ્રીઝના ઈકોનોમિક્સ એક્સપ્લોઝિવ લિમિટેડ યુનિટ દ્વારા બનાવવામાં આવ્યા છે. સેનાએ ૪૮૦ લોઈટરિંગ મ્યુનિશન (આત્મઘાતી ડ્રોન)ની સપ્લાય કરવાનો આદેશ આપ્યો હતો. તેમાંથી ૧૨૦ ડિલિવરી થઈ ચૂક્યા છે. નાગાસ્ત્ર-૧ ડ્રોનની રેન્જ ૩૦ કિમી સુધીની છે. તેનું એડવાન્સ વર્ઝન બે કિલોથી વધુ દારૂગોળો વહન કરવામાં સક્ષમ છે. તેનો ઉપયોગ દુશ્મનના ટ્રેનિંગ કેમ્પ, બેઝ અને લોન્ચ પેડ્સ પર હુમલો કરવા માટે કરવામાં આવશે. જેથી સૈનિકોને ઓછામાં ઓછું જોખમ રહે. લોઈટરિંગ મ્યુનિશન (જેને આત્મઘાતી ડ્રોન અથવા કામિકેઝ ડ્રોન તરીકે પણ ઓળખવામાં આવે છે) એ એરિયલ વેપન સિસ્ટમ છે. આ ડ્રોન હવામાં લક્ષ્યની આસપાસ ફરે છે અને હુમલો કરે છે.

ચોક્કસ હુમલો તેના સેન્સર પર આધાર રાખે છે. આત્મઘાતી ડ્રોન સાયલન્ટ મોડમાં અને ૧,૨૦૦ મીટરની ઉંચાઈએ ઓપરેટ કરવામાં આવે છે, જે તેને શોધવાનું મુશ્કેલ બનાવે છે. તેનું વજન ૧૨ કિલો છે અને તે ૨ કિગ્રા વોરહેડ લઈ જઈ શકે છે. આ ડ્રોન એક ઉડાનમાં ૬૦ મિનિટ સુધી હવામાં રહી શકે છે. જો લક્ષ્ય ન મળે તો તે પણ પરત ફરશે. તેનું સોફ્ટ લેન્ડિંગ પેરાશૂટ દ્વારા કરી શકાય છે.

## 'જો કચેરીમાં ફાયર સિસ્ટમ ઈન્સ્ટોલ નહીં થાય તો તાળાબંધી કરાશે'

# મનપાની પોતાની મિલકતોમાં જ ફાયર NOC નથી : AAP

ભારત હેડલાઇન, તા.૧૪




રાજકોટ TRP અગ્નિકાંડ મામલે રાજકોટ શહેર આમ આદમી પાર્ટી દ્વારા મહાનગરપાલિકા કચેરી ખાતે વેપારીઓને યોગ્ય સમય આપવા તેમજ મનપાની ખુદની મિલકતોમાં ફાયર NOC નથી તો ત્યાં કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી. બાદમાં કોર્પોરેશન ચોક ખાતે રસ્તા ઉપર ઊતરી આવી ચક્કાજામ કરી ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. અહીં પોલીસ દ્વારા વિરોધ કરી રહેલા ૨૦ જેટલા આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓની ટીંગાટોળી સાથે અટકાયત કરવામાં આવી હતી. આ સાથે આપ અને કોંગ્રેસ બંને દ્વારા રજૂઆત કરી મનપાની મિલકતોમાં ફાયર સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં નહિ આવે તો મનપા કચેરીને તાળાબંધી કરી સીલ મારવા ચીમકી ઉચ્ચારી છે.

રાજકોટ આમ આદમી પાર્ટીના પ્રમુખ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે ગત તારીખ ૨૫.૦૫.૨૦૨૪ના રોજ TRP ગેમ ઝોનમાં આગની દુર્ઘટના બાદ હાઈકોર્ટે સુઓમોટો લેતા રાજકોટ શહેરમાં સોસાયટીના કોમ્યુનિટી હોલ, સમાજની વાડીઓ, ટ્યૂશન કલાસીસ, શાળા, કોલેજોમાં અને કોર્મશિયલ બિલ્ડિંગોમાં રાજકોટ કોર્પોરેશન આડેધડ કંઈપણ સાંભળ્યા વિના તેમજ દસ્તાવેજી પુરાવા અંગે સમય આપ્યા વિના મિલકતો સીલ કરે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કોર્પોરેટર, મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન, વિવિધ વિભાગોમાં ચેરમેન, સંસદસભ્ય, ધારાસભ્ય તથા બ્યૂરોકેટ્સમાં કમિશનર સુધીના અધિકારી તેમજ પદાધિકારીની જ્યાં ભૂલ જણાય તેમની જવાબદારી ફિક્સ કરીને કાર્યવાહી કરવી જોઈએ. આ દરેક વ્યક્તિ જાહેર સેવકની વ્યાખ્યામાં આવે છે અને પ્રજાના ટેક્સના પૈસાથી પગાર અને વિવિધ સગવડો ભોગવે છે, જેથી આ અંગે જવાબદારી નક્કી કરીને દાખલારૂપ સજા થાય એવી કામગીરી કરવામાં આવે એવી અમારી માગ છે.

## રાજકોટમાં NEET પરીક્ષા મામલે વિરોધ

# તમામ વિદ્યાર્થીઓની ફરીથી પરીક્ષા લેવાઈ સાથે CBI તપાસની માગણી



### આંદોલનકારીઓની પોલીસે અટકાયત કરી

ભારત હેડલાઇન, તા.૧૪

NEETની પરીક્ષામાં ગોટાળા બાદ સમગ્ર મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો, ત્યારબાદ સુપ્રીમ કોર્ટે સમય વેડફાતા ૧૫૬૩ વિદ્યાર્થીને આપવામાં આવેલા ગ્રેસ પોઇન્ટ રદ કરી આગામી ૨૩મી જુને ફરી નીટની પરીક્ષા લેવા માટે આદેશ કરવામાં આવ્યો છે. ત્યારે આજે આ સમગ્ર પ્રકરણને લઈ રાજકોટમાં પ્રદેશ NSUIના કાર્યકરોએ કિસાનપરા ચોકમાં રસ્તો રોકી વિરોધ પ્રદર્શન કર્યું હતું. તમામ વિદ્યાર્થીઓની NEETની પરીક્ષા ફરી વાર લેવાની માગ સાથે CBI તપાસ કરવી જોઈએ તેવું જણાવ્યું હતું. આ સમયે નારેબાજી અને વિરોધ પ્રદર્શન કરતા NSUIના પ્રદેશ પ્રમુખ સહિતના કાર્યકર્તાઓની પોલીસે ટીંગાટોળી કરી અટકાયત કરી હતી.

પ્રદેશ NSUIના પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી તો ગુજરાત સરકારમાં જ પેપર લીક સહિતના ભ્રષ્ટાચારો થતા હતા, પરંતુ હવે આ પ્રકારનો ભ્રષ્ટાચાર કેન્દ્ર સુધી પહોંચી ગયો છે, એટલે કે કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલી નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા ધો. ૧૨ સાયન્સ બાદ મેડિકલમાં પ્રવેશ માટે લેવામાં આવતી NEETની પરીક્ષામાં ગોટાળા સામે આવ્યા છે. અમુક સેન્ટર પર પરીક્ષા આપતા ૧૫૬૩ વિદ્યાર્થીને મોડા પેપર મળ્યા અને ત્યારબાદ પણ ગ્રેસિંગ માર્ક આપવામાં આવ્યા તો તે કયા આધારે આપ્યા તે પણ એજન્સી દ્વારા જાહેર કરવામાં આવ્યું નથી. જોકે હવે સુપ્રીમ કોર્ટે આકરી ફટકાર લગાવી ૧૫૬૩ વિદ્યાર્થીઓની ફરી વાર પરીક્ષા લેવા માટેનો આદેશ કર્યો છે તેવા સમયે સમગ્ર પ્રકરણની તપાસ પણ NTAને સોંપવામાં આવી છે. હવે તેઓ શું તટસ્થ તપાસ કરી શકવાના છે.

## સ્કૂલવાન સંચાલકોએ સ્વૈચ્છિક બંધ પાળ્યો

# RTO - સ્કૂલવાન સંચાલકો વચ્ચે મડાગાંઠથી વાલીઓને દોડધામ

### બે દિવસનો સમય ઓછો હોય સ્કૂલવાન સંચાલકોએ સ્વૈચ્છિક બંધ પાળ્યો

ભારત હેડલાઇન, તા.૧૪

ટેક્સી પાસિંગ સહિતની કાર્યવાહી માટે વધુ સમયની માગણી પૂરી નહિ કરવામાં આવતા ગુરુવારે શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે જ મોટા ભાગના સ્કૂલવાન સંચાલકોએ સ્વૈચ્છિક બંધ પાળ્યો હતો. જેને કારણે બાળકોને લેવા-મૂકવા સ્કૂલે જવું પડતા પહેલા જ દિવસે વાલીઓને કસરત કરવાનો વખત આવ્યો હતો. બીજી તરફ પ્રથમ દિવસે જ આરટીઓ તંત્રે ચેકિંગ ઝુંબેશ હાથ ધરી ૧૧ સ્કૂલવાન ચાલક સામે દંડાત્મક કાર્યવાહી કરી હતી.

સ્કૂલવાનને ટેક્સી પાસિંગ કરાવવા, બેઠક વ્યવસ્થામાં બાંકડા રાખવા અને ૨૦ને બદલે ૪૦ કિ.મી.ની ગતિ મર્યાદા વધારી આપવા સ્કૂલવાન સંચાલકોએ આરટીઓ અધિકારીને રજૂઆત કરી હતી. આરટીઓ તંત્ર દ્વારા શહેરમાં દોડતી ત્રણ હજારથી વધુ સ્કૂલવાનને બે દિવસમાં જ ઉપરોક્ત તમામ કાર્યવાહી કરી લેવા સૂચના આપી હતી.

જોકે બે દિવસમાં તમામ કામગીરી થઇ શકે તેમ ન હોય સ્કૂલવાન સંચાલકોએ કલેક્ટરને રજૂઆત કરી હતી. જેને પગલે બુધવારે કલેક્ટરે આરટીઓ અધિકારી તેમજ સ્કૂલવાન સંચાલકો સાથે બેઠક કરી હતી. રાજકોટ આરટીઓ કે.એમ.ખપેડ રજા પર હોય ચાર્જમાં રહેલા મોરબીના રોહિત પ્રજાપતિ બેઠકમાં હાજર રહ્યા હતા. જોકે બેઠકમાં કલેક્ટરે પણ આરટીઓ અધિકારીના સૂચનમાં સૂર પુરાવ્યો હતો. જેને પગલે નારાજ સ્કૂલવાન સંચાલકોએ ગુરુવારે શરૂ થતા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે સ્વૈચ્છિક બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. જેને કારણે ગુરુવારે સવારે વાલીઓને તેમના બાળકોને શાળાએ લેવા-મૂકવા જવાની ફરજ પડી હતી. બીજી તરફ નિયમોનો અમલ કરાવવા માટે ગુરુવારે સવારે જ ઇન્ચાર્જ આરટીઓ રોહિત પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ આરટીઓ અધિકારીઓએ ચેકિંગ હાથ ધર્યુ હતું. સ્વૈચ્છિક બંધ વચ્ચે કેટલીક સ્કૂલવાન ચાલુ રહી હતી. જેમાં આરટીઓના ચેકિંગમાં ઝપટે ચડી ગયેલા ૧૧ સ્કૂલવાનચાલક પૈકી ત્રણ વાનચાલક પાસે શાળાના બાળકોના પરિવહનની મંજૂરી ન હતી. જ્યારે અન્ય વાનચાલકો પાસે જરૂરી પૂરા દસ્તાવેજો ન હોવાને કારણે કાર્યવાહી કરી છે.

# ૬ વર્ષ બાદ મહંતસ્વામી મહારાજનું રાજકોટમાં આગમન

## સંધ્યાસભામાં અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનો લાભ



ભારત હેડલાઇન, તા.૧૪

૬ વર્ષ બાદ આજે કાલાવડ રોડ પર આવેલ BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે મહંતસ્વામી મહારાજનું આગમન થયું છે. બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના ગુરુદેવ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજનું રાજકોટ ખાતે આગમન થતા તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આજથી ૨૬ દિવસ એટલે કે આગામી તારીખ ૧૦.૦૭.૨૦૨૪ સુધી તેઓ બીએપીએસ મંદિર ખાતે રોકાણ કરશે અને સૌને દર્શન-આશીર્વાદથી લાભાન્વિત કરશે..

અમેરિકાના ન્યુજર્સી, રોબિનસવિલ અક્ષરધામ મહામંદિર અને અબુધાબીના ઈઅક્જ હિન્દુ મંદિરના નિર્માતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ રાજકોટને આંગણે પધારતા રાજકોટની ધર્મપ્રેમી જનતામાં હર્ષનો માહોલ છવાયો હતો.

આ અવસરે ૧૫૭૨ મહિલાઓએ સાંકળ સર્જાળા ઉપવાસ, ૪૭૮ મહિલાઓએ સાંકળ નિર્જળા ઉપવાસ કર્યા હતા. ૩૪ હરિભક્તોએ મહંતસ્વામી મહારાજના આગમન નિમિત્તે આગમન પહેલાના ૯૦ કલાકથી ૧૨૦ કલાકના સળંગ નિર્જળા, સજલ તેમજ પ્રવાહી ઉપવાસ કરી ગુરુભક્તિ અદા કરી હતી.

### કાર્યક્રમોની વણઝાર થશે

૧૬ જૂન રવિવાર સ્વાગત દિન
૧૭ જૂન સોમવાર સંસ્કાર દિન
૨૦ જૂન ગુરુવાર સંયમ દિન
૨૧ જૂન શુક્રવાર સિદ્ધાંત દિન
૨૨ જૂન શનિવાર શિક્ષણ દિન
૨૫ જૂન મંગળવાર સુહૃદભાવ દિન
૨૬ જૂન બુધવાર સત્કાર દિન
૨૯ જૂન શનિવાર સંસ્કૃતિ દિન
૩૦ જૂન રવિવાર સેવા દિન
૭ જુલાઈ રવિવાર રથયાત્રા ઉત્સવ
૮ જુલાઈ સોમવાર સત્પુરુષ દિન
૧૦ જુલાઈ બુધવાર વિદાય દિન

ફેટલ અકસ્માતમાં ઘટાડો થયાનો દાવો

# પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ

## અકસ્માત સંભવિત સ્થળોએ પેટ્રોલિંગ વધારવા આપી સૂચના



ભારત હેડલાઇન, તા.૧૪

રોડ અકસ્માતના કારણે લોકોના જાનમાલનું નુકસાન અટકાવવા અર્થે કાર્યરત રાજકોટ શહેર માર્ગ સલામતીની બેઠક નવનિયુક્ત પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝાની અધ્યક્ષતામાં પોલીસ કમિશનર કચેરી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં બ્રિજેશકુમાર ઝાએ હાઈવે ટચ અકસ્માત સંભવિત ઝોનમાં સ્ટ્રીટ લાઈટ, સાઈનેજીસ, ઝીબ્રા ક્રોસિંગ, સ્પીડ બ્રેકર, રંબલ સ્ટ્રીપ સહિતની કામગીરી સત્વરે પૂર્ણ કરવા વિવિધ એજન્સીઓને સૂચના આપી હતી. સાથોસાથ હાઈવે પર આવા ઝોનમાં નાઈટ પેટ્રોલિંગ વધારવા પર કમિશનરએ ભાર મુક્યો હતો.

ચોમાસામાં વરસાદ સમયે અકસ્માત વધવાની સંભાવના વધવા સાથે પ્રિ-મોન્સૂન કામગીરી જેવી કે, રોડ સાઈડ ઝાડની ડાળીઓ કટિંગ કરવા, જોખમી બેનર્સનો સર્વે કરવા, રોડ રીપેરીંગ સહીતની કામગીરી તાકીદે પૂર્ણ કરવા પોલીસ કમિશનરશ્રીએ મહાનગરપાલિકા તેમજ હાઈવે ઓથોરિટીને જણાવ્યું હતું. આ તકે શહેર આસપાસ વિવિધ બ્લેક સ્પોટ જેવા કે, જુના કુવાડવા પોલીસ સ્ટેશન, બેડી ચોકડી, ગોંડલ ચોકડી, માધાપર ચોકડી, હિરાસર એરપોર્ટ રોડ, ત્રંબા ગામ પાસે, ભાવનગર રોડ આજી ડેમ ચોક સહિતના હાઈવે પર સ્ટેટ તેમજ એન.એચ.એ.આઈ. દ્વારા સાઈનેઝીસ, માર્કિંગ, મીડીયમ ગેપ જોડાણ, સ્ટ્રીટ લાઈટ સહીતની કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ તેમજ આર.ટી.ઓ. દ્વારા ચલાવવામાં આવેલી એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ અંગે ડી.સી.પી. પૂજા યાદવ તેમજ આર.ટી.ઓ. અધિકારી શ્રી રોહિત પ્રજાપતિએ હેલ્મેટ, સીટબેલ્ટ, ઓવર સ્પીડ સહિતના કરેલા કેસોની માહિતી પુરી પાડી જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ માસમાં હાઈવે પર ફેટલ અકસ્માતના પ્રમાણમાં ઘટાડો થયો જોવા મળેલ છે. માર્ગ સમાલતી અર્થે આર.ટી.ઓ દ્વારા કરવામાં આવેલા સેમિનાર્સ અંગે વિગતે માહિતી આપી હતી. રોડ સેફટી કાઉન્સિલના શ્રી જે.વી. શાહે રાજકોટ શહેરમાં હિટ એન્ડ રન ના ૨૨ જેટલા કિસ્સા પૈકી ૧૯ જેટલા કિસ્સામાં ભોગ બનનારને રાજ્ય સરકાર દ્વારા વળતર આપવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

સ્કીમ બતાવીને પૈસા લઈ ફ્લેટ ન આપ્યાં

# ઉત્તમ બિલ્ડર્સના માલિકે હોલી-ડે હોમની સ્કીમમાં ૧૪.૨૯ લાખની છેતરપિંડી કરી

ભારત હેડલાઇન, તા.૧૪

નિકાવા પાસે હોલીડે હોમની ૧૬૦ ફ્લેટની સ્કીમ બતાવીને રાજકોટના દંપતી, વાંકાનેર અને મુંબઈના ૫ લોકો સાથે ઉત્તમ બિલ્ડર્સના માલિક જીતેન્દ્ર કુંવરજી મારુએ ૧૪.૨૯ લાખની છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, આ અગાઉ પણ આરોપી જીતેન્દ્ર મારુ સામે નિવૃત શિક્ષિકાએ છેતરપિંડી અંગે ફરિયાદ નોંધાવી હતી.

ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જયુબેલી પોસ્ટ ઓફિસમાં નાની બચતની એજન્સી ધરાવતા અને જામનગર રોડ ઉપરના વૈકુંઠ કોમ્પ્લેક્ષમાં રહેતા નિતીન પ્રફુલચંદ્ર રાવલે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, વર્ષ



૨૦૧૧માં અખબારમાં જાહેરાત વાંચીને સોમનાથ સોસાયટી શેરી નં.૩માં રહેતા ઉત્તમ બિલ્ડર્સના જીતેન્દ્ર કુવરજી મારૂને નિકાવા શિશાંગ ગામ પાસે સર્વે નં.૧૫૧માં ૯.૫૧ લાખમાં ૨ બીએચકેના ૧૬૦ ફ્લેટની જાહેરાત આપી હતી.

આ સ્કીમમાં સૌપ્રથમ મે અને મારા પત્નીના નામનો ફ્લેટ બુક કરાવ્યો હતો. બાદમાં મારા મિત્ર વાંકાનેરમાં રહેતા દામજી અમરશીભાઈ હરસોડાને વાત કરતા તેઓએ પણ ફ્લેટ બુક કરાવ્યો હતો. જેના અમને બિલ્ડર જીતેન્દ્ર મારુએ ફ્લેટ નં. ડી-૧૧, ૧૨ અને ૧૩ નંબરની ફ્લેટની ફાળવણી કરી હતી. દામજીભાઈએ જયારે બિલ્ડરને રૂપિયા ૧.૫૧ લાખ આપ્યા ત્યારે તેમની સાથે સહકારનગરમાં રહેતા મેહુલ ઠાકરે પણ ૧ BHKનો ફ્લેટ બુક કરાવ્યો હતો તેમજ મુંબઈ રહેતા મેહુલભાઈના મામા અનિલ જોષીએ ૧ BHKનો ફ્લેટ બુક કરાવ્યો હતો. આમ કુલ ૫ ફ્લેટના અમે બિલ્ડર જીતેન્દ્ર મારૂને ૧૪,૨૯,૪૦૦ ચેક અને રોકડા આપ્યા હતા.

# ‘કિટલીઓ ગરમ છે એ શાંત થવી જોઈએ’, અધિકારીઓ પર આક્રમક થયા ભૂપેન્દ્ર પટેલ

## ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઈ-ધરા કેન્દ્રની કામગીરીનું નિરીક્ષણ કર્યું

ભારત હેડલાઇન, તા.૧૪

આણંદના સારસામાં યોજાયેલા એક કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અધિકારીઓને સ્પષ્ટ કહ્યું કે, 'અમે હવે કલેક્ટર ઓફિસે જઈશું. બધી જ કિટલીઓ હવે શાંત થઇ જવાની છે અને આ કરતાં વધારે કિટલીઓ ગરમ નહીં જ ચાલે.' જો કે, આ કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ તેઓ અચાનક ખેડા જિલ્લા સેવા સદનની મુલાકાતે પહોંચ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે (૧૪મી જૂન) ખેડા તાલુકા સેવા સદનની સરપ્રાઈઝ વિઝીટ માટે પહોંચ્યા હતા. તેમણે તાલુકા સેવા સદનમાં પોતાના કામકાજ માટે આવેલા સામાન્ય નાગરિકો, મુલાકાતીઓ સાથે વાતચીત કરીને વહીવટી તંત્રની કામગીરી અંગે તેમના પ્રતિભાવો જાણ્યા હતા. આ ઉપરાંત તેમણે રોજિંદી કાર્યવાહીનું નિરીક્ષણ કરીને આવકના દાખલા, જાતિ પ્રમાણપત્રો વગેરે સમયસર લોકોને મળી રહે છે કે કેમ તેની ખાતરી કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાલુકા સેવા સદનમાં કાર્યરત ઈ-ધરા કેન્દ્રની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત બિનજરૂરી કોઈપણ નોંધ નામંજૂર ન થાય તેમજ તકરારી નોંધ સહિતની નોંધનો સમયસર નિકાલ થાય તે માટેની સૂચનાઓ આપી હતી. તેમણે ખેડૂતો



દસ્તાવેજ નોંધણી કરાવે તે જ દિવસે ઈ-ધરા કેન્દ્રમાં તેની ઓટોજનરેટ નોંધ થાય તે સુનિશ્ચિત કરવા પણ સૂચનો કર્યા હતા. તેમણે ખેડૂતોને રસ્તાના કેસો, જન્મ પ્રમાણપત્રના કેસો તથા અન્ય તમામ કેસોનો સમયસર નિકાલ થાય છે કે કેમ તેની પણ ખાતરી આ મુલાકાત દરમિયાન કરી હતી.

# સાસણ ગીર અભયારણ્ય ચાર મહિના રહેશે બંધ

## આગામી ૧૬ જૂનથી ૧૫મી ઓક્ટોબર સુધી સાસણ ગીર અભયારણ્ય બંધ



ભારત હેડલાઇન, તા.૧૪

સાસણ ગીરમાં સિંહનું વેકેશન શરૂ થઈ રહ્યું છે. આગામી ૧૬ જૂનથી ૧૫મી ઓક્ટોબર સુધી સાસણ ગીર અભયારણ્ય બંધ રહેશે. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને ચાર મહિના સુધી સાસણ ગીર અભયારણ્ય પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવશે. જો કે, દેવળીયા સફારી પાર્ક ખુલ્લું રાખવામાં આવશે. આ સફારી પાર્કની મુલાકાત લેતા પ્રવાસીઓ ઓફિસિયલ વેબસાઈટ પરથી ઓનલાઇન બુકિંગ પણ કરી શકશે.

ચોમાસાની ઋતુમાં સિંહ સહિત વન્ય જીવો માટે સંવનનકાળ હોવાથી વન્ય જીવોને ખલેલ ન પહોંચે તે માટે સાસણના જંગલમાં ચોમાસાના ચાર મહિનાનું વેકેશન રાખવામાં આવે છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૩માં ૧.૯૫ લાખ પ્રવાસીઓએ જંગલ સફારી અને ૬.૮૮ લાખ પ્રવાસીઓએ દેવડીયા પાર્કની મુલાકાત લીધી હતી. જંગલ સફારીની મુલાકાત લેવા માટે દેશ વિદેશથી લોકો આવતા હોય છે.

# વડોદરામાં ૪૬૧ હિન્દુ પરિવાર વચ્ચે એક લઘમુતીને મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ મકાન ફાળવાતા વિવાદ

ભારત હેડલાઇન, તા.૧૪



વડોદરાના હરણી વિસ્તારમાં મુખ્યમંત્રી આવાસ યોજના મોટનાથ રેસિડેન્સીમાં લઘુમતી સમાજના વ્યક્તિને મકાન ફાળવવામાં આવતા તેનો ઉગ્ર વિરોધ થયો છે. મોટનાથ રેસિડન્સી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના હોદ્દેદારો તેમજ રહીશોને અજાણ રાખીને એક મકાન લઘુમતીને ફાળવવામાં આવ્યું છે.

મોટનાથ રેસિડન્સી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના પ્રમુખના જણાવ્યાનુસાર, અહીં તમામ ૪૬૧ મકાનો હિંદુના હોવા છતાં તેમજ સમગ્ર વિસ્તારમાં એકપણ લઘુમતીનું મકાન ન હોવા છતાં એક મકાન ફાળવવામાં આવ્યું છે. જે અંગે રાજ્યપાલ, રાજ્ય સરકાર તેમજ વડોદરાના સંબંધિત અધિકારીઓ અને હોદ્દેદારોને પણ આ બાબતે રજૂઆત કરી છે, તેમ છતાં સોસાયટીના હોદ્દેદારો પાસે જેણે મકાન મેળવ્યું છે. તેના દ્વારા મકાન અને લગતા ડોક્યુમેન્ટની માંગણી કરવામાં આવી રહી છે. જેનો અહીં રહેતા હિંદુઓ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. આ લઘુમતીને મકાન કોઈ લઘુમતી વસ્તી ધરાવતી સ્કીમમાં ફાળવી આપવા અને હવે પછી અહીં બાકી રહેલા ૨૦ મકાનોમાંથી એકપણ મકાન લઘુમતીને નહીં ફાળવવા રજૂઆત કરવામાં આવી છે.

# પરપ્રાંતીય શ્રમિકનો ફાંસો ખાઈ આપઘાત

ભારત હેડલાઇન, તા.૧૪

રાજકોટ ગોંડલ હાઇવે ઉપર આવેલ શાપર વેરાવળમાં રહેતો અને એડવાન્સ ટેકનોફાયર કંપનીમાં કામ કરતો પરપ્રાંતિય શ્રમિક જીતુકુમાર બચાલાલ બિન ઉ.૧૯ નામના યુવકે ગઈ કાલે બપોરે બારેક વાગ્યાની આસપાસ કારખાનાની ઓરડીમાં અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લીધો હતો બેભાન હાલતમાં નીચે ઉતારી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

યુવક બે ભાઈ અને એક બહેનમાં મોટો હતો. યુવકે ક્યાં કારણોસર ગળાફાંસો ખાધો તે દિશામાં શાપર વેરાવળ પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાજકોટ, શાપર વેરાવળ, વલસાડ, લીંબડી સહિત વિસ્તારોમાં વરસાદ

રાજકોટ, શાપર વેરાવળ, વલસાડ, લીંબડી સહિત વિસ્તારોમાં વરસાદ

### ગુજરાતમાં હજુ ભારે વરસાદની સીસ્ટમનો અભાવ રાજ સમઢીયાળા, રાણપુર પંથકમાં ઝાપટાં,રાજ્યમાં ૪૦થી ૬૦ KMની ઝડપે ફૂંકાતા તીવ્ર પવનની સાથે વાદળોની આવ-જા



ભારત હેડલાઇન, તા.૧૪

નૈઋત્યનું ચોમાસુ ગુજરાતમાં પ્રવેશ કરીને મંદ પડયું છે અને હજુ તે છત્તીસગઢ,ઓડીશા,આંધ્રપ્રદેશમાં આગળ વધવાના સંજોગો છે પરંતુ, ગુજરાતના દરિયાકાંઠામાં હજુ સાનુકૂળ પવન કે સાયક્લોનિક સર્ક્યુલેશન જેવી કોઈ મજબૂત સીસ્ટમના તેમજ ઘટાટોપ વાદળોના અભાવે લોકોએ હાલ છૂટાછવાયા ઝાપટાંથી સંતોષ માનવો પડે તેમ છે. આજે રાજકોટ, શાપર વેરાવળ,વલસાડ, લીંબડી સહિત વિસ્તારોમાં હળવા-ભારે વરસાદી ઝાપટાં વરસ્યા હતા. રાજકોટમાં જંક્શન પ્લોટ,સિંધી કોલોની વિસ્તાર તેમજ જામનગર રોડ ઘંટેશ્વરસહિત વિસ્તારોમાં વરસાદનું ધોધમાર ઝાપટું વરસી ગયું હતું પરંતુ, યુનિવર્સિટી રોડ, કાલાવડ રોડ સહિતના મોટાભાગના વિસ્તારો કોરાં રહ્યા હતા. જ્યારે રાજકોટ-ભાવનગર રોડ પર રાજ સમઢીયાળા પાસે ધોધમાર વરસાદના અહેવાલો છે. બોટાદના રાણપુરમાં પણ વરસાદી ઝાપટું વરસ્યું હતું. સૌથી વધારે વરસાદ વલસાડમાં ૧૬ મિ.મિ.અને લીંબડીમાં ૬ મિ.મિ. આજે રાત્રિ સુધીમાં નોંધાયો છે જ્યારે કપરાડા, વાપી, બારડોલી સહિત પથકમાં ઝાપટાં વરસ્યા હતા. મૌસમ વિભાગ અનુસાર સુરત, નવસારી, વલસાડ સહિત દક્ષિણ ગુજરાતમાં અને અમરેલી, ભાવનગર સહિત સૌરાષ્ટ્રના કાંઠાળ વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદની ચેતવણી અપાઈ છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદના અભાવે તાપમાનનો પારો ઉંચો રહ્યો છે. આજે સૌથી વધુ તાપમાન ૪૧.૯ સે. વલ્લભ વિદ્યાનગરમાં જ્યારે ૪૧.૫ સે. અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું જ્યારે ગાંધીનગર, રાજકોટમાં પણ તાપમાન ૪૧ સે.ને પાર રહ્યું હતું. અમરેલીમાં ૪૦.૪ અને સમગ્ર કચ્છ સહિત બાકીના સૌરાષ્ટ્રમાં અને દક્ષિણ ગુજરાતમાં પારો ૪૦ સે. નીચે રહ્યો હતો. ગુજરાતમાં હાલ પવનની ગતિ અનેક સ્થળોએ ૪૦થી ૫૦ KM સુધીની તીવ્ર રહે છે, ગત ચોવીસ કલાકમાં અમદાવાદમાં સૌથી વધુ ૫૨ કિ.મી.ની ઝડપ, કચ્છમાં ૫૦અને જામનગર, બોટાદમાં ૪૪ કિ.મી.પવન નોંધાયો હતો. રાજકોટમાં સરેરાશ ૧૮ ઊંખ અને મહત્તમ ૩૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાય છે જેના પગલે વાદળો બંધાતા નથી અને હાલ છૂટાછવાયા વાદળો આવે છે ક્યાંક વરસે છે અને વિખેરાઈ જાય છે.

# દોઢ વર્ષની આરોહી ૮ કલાકથી ૫૦૦ ફૂટ ઊંડા બોરવેલમાંઃ રમતાં રમતાં ખુલ્લા બોરમાં પડી

### ● કેમરામાં માથા પર માટી પડી હોવાનું દેખાયું, પિતાએ કહ્યું- 'મારી દીકરીને બચાવી લ્યો'



ભારત હેડલાઇન, તા.૧૪

અમરેલીના સુરગપરા ગામની સીમમાં બોરમાં બાળકી પડી જવાની ઘટના સામે આવી છે. દોઢ વર્ષની બાળકી રમતાં રમતાં બોરમાં પડી જતાં અમરેલી ફાયર અને ૧૦૮ની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી છે. બોરમાં ઉતારેલા કેમરામાં બાળકીના માથા પર માટી પડી હોવાનું દેખાઈ રહ્યું છે. ફાયર વિભાગે રોબોટની મદદથી બાળકીના માથાની પકડ કરી છે. મજબૂત પકડ કર્યા બાદ બાળકીનું રેસ્ક્યૂ કરાવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે, આ પ્રયત્ન નિષ્ફળ રહ્યો છે. હવે બીજીવાર પ્રયત્ન શરૂ કરાયો છે.

મળતી માહિતી મુજબ, અમરેલીના સુરગપરા ગામમાં ભનુભાઈ ભીખાભાઈ કાકડિયાની વાડીમાં કામ કરતા દાહોદના અમ્લીયા પરિવારની દોઢ વર્ષની આરોહી નામની બાળકી બપોરે ૧૨ વાગ્યાના અરસામાં રમતાં રમતાં ખુલ્લા બોરમાં પડી ગઈ હતી. જેની જાણ થતાં અમરેલી ફાયર અને ૧૦૮ની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી છે.

અંદાજિત ૫૦૦ ફૂટ ઊંડા બોરમાં બાળકી ૪૫થી ૫૦ ફૂટ ઊંડે ફસાઇ હોવાનું અનુમાન છે. તંત્ર દ્વારા ઓક્સિજન સપ્લાય સાથે બોરમાં કેમેરા ઉતારીને બાળકીની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. આ ઉપરાંત રાજુલાથી રોબોટની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે. રોબોટ દ્વારા જલ્દી બાળકીને બહાર કાઢવાના પ્રયત્નો તંત્ર દ્વારા કરાઈ રહ્યા છે.

### છેલ્લા એકાદ કલાકથી કોઈ મોમેન્ટ નથીઃ ફાયર ઓફિસર

ફાયર ઓફિસર એચ.સી. ગઢવીએ જણાવ્યું હતું કે, છેલ્લા એકાદ કલાકથી બાળકીની કોઈ મોમેન્ટ નથી. નાક અને આંખના ભાગે થોડુ દેખાઈ રહ્યું છે. જેના માથે ચારેક ઈંચ જેટલું માટીનું લેયર હોય એવું હાલના તબક્કે જોવા મળી રહ્યું. અત્યારે બાળકીના બંને હાથ નીચે હોવાથી માથા અને કપાળના ભાગે પકડ કરવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. આ પકડમાં કેબલમાં સરકી જાય છે. જેથી સળિયાથી એને બેસાડીને પકડ બનાવી રહ્યા છે. જેમાં ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. જો કેબલ ગળામાં આવી જાય તો ફંદો લાગી જાય જેથી ખાસ તકેદારી સાથે પકડ બનાવવાનો પ્રયત્ન ચાલું છે. બાળકીનું નાક બહારની બાજુ હોવાથી ઓક્સિજન મળી રહ્યો છે.

# કૌટુંબિક કાકાએ ૧૪ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચર્યું

- પડધરી પંથકનો ખળભળાટ મચાવતો કિસ્સો, આરોપીની અટકાયત કરવા તજવીજ : પોલીસે પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો



ભારત હેડલાઇન, તા.૧૪

સગીરાનો દેહ અવારનવાર પિંખ્યો હોવાનું ખુલ્યું, અપહરણ કરી ભોગ બનનારને ક્યાં-ક્યાં લઈ ગયો હતો અને કઈ – કઈ જગ્યાએ બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો તે અંગે આગળ તપાસ હાથ ધરતી પોલીસ

પડધરી પંથકનો ખળભળાટ મચાવતો કિસ્સો સામે આવ્યો છે. અહીં પાટી રામપર ગામે રહેતા કૌટુંબિક કાકાએ તેની ૧૪ વર્ષની ભત્રીજી પર દુષ્કર્મ આચરતા ચકચાર મચી ગઇ છે. બનાવની વિગતો સામે આવતા પડધરી પોલીસ મથકે પોકસો સહિતની કલમો હેઠળ ગુનો દાખલ થયો છે. પોલીસે આરોપીની અટકાયત કરવા તજવીજ કરી હતી.

૧૧ જૂને આરોપી સગીરાને લલચાવી – ફોસલાવી અપહરણ કરી ગયો હતો. ઓછી બે દિવસ બાદ ભોગબનનાર પરત આવતા માતા-પિતાને આપવીતી જણાવી હતી. આરોપીએ સગીરાનો દેહ અવાર નવાર પિંખ્યો હોવાનું ખુલ્યું હતું. અપહરણ કરી ભોગ બનનારને ક્યાં-ક્યાં લઈ ગયો હતો અને કઈ – કઈ જગ્યાએ બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો તે અંગે આગળની તપાસ સર્કલ પીઆઈ ડામોરે હાથ ધરી છે.આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ, આરોપી કૌટુંબિક કાકો યુવા વયનો અને અપરણિત છે.

ભોગબનનાર સગીરા તેના આસપાસના વિસ્તારમાં જ રહે છે. સગીરા ૧૪ વર્ષની છે. આ કૌટુંબિક કાકાએ સગીરા ઉપર નજર બગાડી હતી. હવસ સંતોષવા આરોપી તલપાપડ થયો હતો. પોતાની ભત્રીજી થાય અને તેની ઉંમર હજુ ૧૪ વર્ષ જ છે. તે આરોપી જાણતો હોવા છતાં સગીરાને બદ ઇરાદે પોતાની જાળમાં ફસાવવા પ્રયત્ન શરૂ કર્યા હતા. માસૂમ સગીરાને લલચાવી ફોસલાવી ઘર બહાર બોલાવી તા.૧૧/૬/૨૦૨૪ના રોજ અપહરણ કરી ભગાડી ગયો હતો.

પરિવારજનોને જાણ થતા સગીરાની શોધખોળ હાથ ધરી હતી. આસપાસ તપાસ કરી, સગા સંબંધીઓમાં તપાસ કરી પણ સગીરા મળી આવી નહોતી. દરમિયાન જાણ થઈ હતી કે, આરોપી કૌટુંબિક કાકો પણ ક્યાંય જોવા મળ્યો નહોતો. પરિવારને શંકા થઈ હતી. જોકે બે દિવસ બાદ સગીરા મળી આવી હતી તે ઘરે પરત આવતા માતા-પિતાએ સગીરાને પૂછતાં રડતી આંખે સગીરાએ આપવીતી જણાવી હતી.

આરોપી સગીરાને અપહરણ કરી ગયા બાદ જુદી જુદી જગ્યાએ લઈ ગયો હતો. માસૂમ સગીરાને ખબર પણ નથી કે, આ કઈ કઈ જગ્યા હતી. અપહરણ કરી આરોપીએ જુદી જુદી જગ્યાએ સગીરાનો દેહ અભડાવી પોતાની હવસ સંતોષી હતી. આ હકીકત સામે આવતા પરિવારજનો પડધરી પોલીસ મથકે પહોંચ્યા હતા.

આઈપીસી ૩૬૩, ૩૬૬, ૩૭૬ અને પોકસો સહિતની કલમો હેઠળ નરાધમ કૌટુંબિક કાકા સામે ગુનો દાખલ કરાયો હતો. આરોપીની ધરપકડ કરવા પોલીસે તજવીજ હાથ ધરી હતી.

# સાંસદ પરસોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતીમાં ઉમિયા પદયાત્રીક પરિવાર દ્વારા મહા રકતદાન કેમ્પ યોજાયો

- ઉમાભવન ખાતે TRP ગેમઝોનના દિવંગતોને શ્રદ્ધાંજલી રૂપે મહા રકતદાન કેમ્પમાં ૧૩૨ બોટલ રકત કરાયું એકત્ર



ભારત હેડલાઇન, તા.૧૪

રાજકોટમાં બનેલ દુભાગ્યપૂર્ણ TRP ગેમઝોનની દુર્ઘટના દિવંગતોને શ્રદ્ધાંજલી પાઠવવા ઉમિયા પદયાત્રીક પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૧૪ જુનના રોજ ઉમાભવન ખાતે સાંસદ પરસોતમભાઇ રૂપાલાની ઉપસ્થિતિમાં યોજાયેલા મહારકતદાન કેમ્પમાં ૧૩૨ બોટલ રકત એકત્ર થયુ હતુ. ઉમિયા પદયાત્રીક પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા TRP ગેમઝોન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા સદ્ગત આત્માને શ્રદ્ધાંજલી પાઠવવા વિશ્વ રકતદાન દિવસ નિમિતે યોજાયેલા સર્વ જ્ઞાતી મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ફીલ્ડ માર્શલ બ્લડબેંક, જીવનદિપ બ્લડબેંક તથા સૌરાષ્ટ્ર વોલેન્ટરી બ્લડબેંકનો સહયોગ મળયો હતો. આ રકતદાન કેમ્પમાં સાંસદ પરસોતમભાઈ રૂપાલા, ઉમિયા માતાજી મંદિર સિદસરના પ્રમુદ જેરામભાઈ વાંસજાળીયા, મેનેજીંગ ટ્રસ્ટી જયેશભાઈ પટેલ, ઉમાભવનના મુખ્ય દાતા જીવનભાઈ ગોવાણી, ઉમિયાધામના ઉપપ્રમુખ ચિમનભાઇ શાપરીયા, ટ્રસ્ટીઓ બી.એચ.ધોડાસરા, નાથાભાઈ કાલરીયા, નંદલાલભાઇ માંડવીયા, મનસુખભાઈ પાણ, મુળજીભાઈ ભીમાણી, કાંતીભાઈ માકડીયા, ચંદુભાઈ ખાનપરા, વિજયભાઈ ડઢાણીયા, કિશનભાઈ ટીલવા, કૌશીકભાઈ રાબડીયા, પરસોતમભાઈ ફળદુ, ધીરૂભાઈ ડઢાણીયા, કાંતીભાઈ ઘેટીયા, પ્રફુલભાઈ કાથરોટીયા, બિપીનભાઈ બેરા, સરોજબેન માકડીયા, કિરણબેન માકડીયા, ચેતનભાઈ સુરેજા, રજનીભાઈ ગોલ સહીતના ઉદ્યોગપતિઓ, આગેવાનો તેમજ વિવિધ સંસ્થાઓના હોદેદારો અને રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા શ્રી ઉમિયા પદયાત્રિક પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ વિનુભાઈ મણવર, ઉપપ્રમુખ અતુલભાઈ ભુત, મંત્રી ધર્મેન્દ્રભાઈ ઉકાણી, સહમંત્રી જેન્તીભાઈ ભાલોડીયા, ખજાનચી ભુપતભાઈ જીવાણી, ટ્રસ્ટી કાન્તીભાઈ કનેરીયા, રાજેશભાઈ ત્રાંબડીયા, સંસ્થાના કારોબારી પ્રમુખ પ્રફુલભાઈ દેત્રોજા, ઉપપ્રમુખ અશ્વિનભાઈ બરોચિયા, મંત્રી પિનલભાઈ ટીલવા, સહમંત્રી કનકભાઇ મેંદપરા, ખજાનચી નિલેષ હિંશુ, સહ ખજાનચી મોહનભાઈ ફળદુ, સહીતની ટીમે જહેમત ઉઠાવી હતી.

# રાજકોટના જમીન મકાનના ધંધાર્થીનો વાગુદળ પાસે ફાંસો ખાઈ આપઘાત

રાજકોટના જમીન મકાનના ધંધાર્થી યુવાને ગત રાતે વાગુદળ નજીક ઝાડમાં ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે બનાવની જાણ થતાં મેટોડા પોલીસ મથકના ડીવાયએસપી રાણા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને તપાસનો ધમધમાટ આદર્યો હતો. મૃતકને તેની પત્ની સાથે ઝઘડો થયા બાદ પાઈપના ઘા ઝીંકતા લાગી આવ્યું હોવાથી અંતિમ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે. રાજકોટમાં જયગોપાલ અમૃતપાર્ક સોસાયટીમાં રહેતાં નિલેશભાઈ નરશીભાઈ પોકર ઉ.૩૫એ ગત રાત્રે વાગુદળ રોડ પર આવેલ મેલડીમાંના મંદિર પાસે સરકારી બગીચાની સામે ઝાડમાં દોરું બાંધી ફાંસી ખાઈ આપઘાત કરી લીધો હતો બનાવ અંગે રાહદારીએ કંટ્રોલમાં જાણ કરતાં મેટોડા પોલીસ મથકના ડીવાયએસપી રાણા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવા તજવીજ હાથ ધરી હતી. મૃતકની તપાસ કરતાં તે જમીન મકાનના ધંધાર્થી હતાં રાત્રે પત્ની સાથે ઝઘડો થયા બાદ પત્નીને પાઈપથી માર મારતાં તેણી લોહીલુહાણ થઈ ગઈ હતી અને સારવારમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જે વાતનું તેને લાગી આવતાં ઘરેથી દોરડું લઈ નીકળી ગયો હતો અને અંતિમ પગલું ભરી લીધાનું મૃતકના પરિવાજનોએ જણાવ્યું હતું મૃતકને સંતાનમાં એક પુત્ર હોવાનું સામે આવ્યું છે. બનાવથી પરીવારમાં શોક વ્યાપી ગયો છે.

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તંત્રની દાદાગીરી : મીડિયાને દબાવી દેવા કરતો હિન પ્રયાસ




## ● ડોક્ટરોની સુરક્ષા માટે મુકેલા ગાર્ડનો કરાતો દુરૂપયોગ : પત્રકારોને વોર્ડમાં પ્રવેશ પર લગાવી પાબંધી : પોતાની ભૂલો છુપાવવા પ્રેસની સ્વતંત્રતા છીનવી લેવા પ્રયત્ન

ભારત હેડલાઈન, તા.૧૪

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તંત્રની દાદાગીરી સામે આવી છે. અહીં મીડિયાને દબાવી દેવા પ્રયાસ થઈ રહ્યો છે. ડોક્ટરોની સેફટી માટે મુકેલા ગાર્ડનો દુરુપયોગ થઈ રહ્યો હોય તેમ પત્રકારેને વોર્ડમાં પ્રવેશ પર પાબંધી ફરમાવી દેવાઈ છે. પોતાની ભૂલો છુપાવવા પ્રેસની સ્વતંત્રતા છીનવી લેવા પ્રયત્ન થઈ રહ્યો હોય તેવા નિર્દેશ થઈ રહ્યા છે. આ તરફ જોહુકમીની હદ થતી હોય તેમ વિવાદ થશે તેવો સંકેત મળતા હવે પત્રકારોને વોર્ડમાં પ્રવેશ મળે તે માટે વિચારણા શરૂ થઈ છે.

પણ પત્રકાર વોર્ડમાં જશે ત્યારે ગાર્ડ ભેગા આવશે તેવો ફતવો કરવા કવાયત થઈ રહી હોવાનું સૂત્રો કહીં રહ્યા છે. આ વિવાદનો પાયો ત્યારે નખાયો જ્યારે ગત શનિવારે ડોકટર અને કોન્ટ્રાકટ બેઈઝ મહિલા કર્મચારી વચ્ચે ઝપાઝપી થઈ હતી. વોર્ડમાં જ એક બીજાએ સામ સામે ફડાકા મારી લીધાનો આક્ષેપ થયો હતો. આ પછી પહેલા કર્મચારીઓ હડતાલ પર ઉતરી ગયા હતા. પછી ડોકટરો પણ એકત્ર થયા હતા અને બનાવ વખતે હાજર સિક્યુરિટી સ્ટાફ તમાશો જોતો હતો તેવો આક્ષેપ કર્યો

### જોહુકમીની હદ : વિવાદ થશે તેવો સંકેત મળતા પત્રકારો વોર્ડમાં જશે ત્યારે ગાર્ડ ભેગા આવશે તેવો ફતવો કરવા કવાયત

હતો. સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.ત્રિવેદીને મળી તમામ ડોક્ટરોએ સિક્યુરિટી વધારવા સહિતની માંગ કરી હતી. માંગ નહીં સંતોષાય તો હડતાલની ચીમકી આપી હતી. જેથી તુરંત બાઉન્સરો મુકાઈ ગયા હતા. આ પછી નિવૃત્ત આર્મી મેનની ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. હાલ ૧૦ જેટલા નિવૃત્ત ફૌજીઓને પણ સિવિલ હોસ્પિટલમાં જુદા જુદા વોર્ડ અને ઈમરજન્સી વિભાગમાં ગોઠવી દેવાયા છે. સિક્યુરિટી ગાર્ડ વધારવાનો હેતુ ડોક્ટરોની સલામતીનો છે. જોકે પેટમાં પાપા રાખી બેઠેલા તંત્રએ તકનો લાભ લઈ મીડિયાને પણ નો-એન્ટ્રી આપી દીધી છે. સૂત્રોએ જણાવ્યું કે, પત્રકારો સમયાંતરે સિવિલ હોસ્પિટલમાં ચાલતી લાલીયા વાડી ઉઘાડી પાડે છે. કરોડોની ગ્રાન્ટ મળવા છતાં દર્દીઓને જે હાલાકી પડતી હોય તેને મીડિયા ઉજાગર કરે છે અને સરકાર સુધી તંત્રની બેદરકારીની હકીકત પહોંચાડે છે. જેથી તંત્રના પેટમાં તેલ રેડાય છે. સરકારમાંથી ઠપકા પણ મળે છે. આ કારણે ડોક્ટરોની સુરક્ષા માટે મુકાયેલા ગાર્ડસનો દુરુપયોગ કરી મીડિયા તંત્રની કોઈ બેદરકારી ઉજાગર ન કરી શકે, દર્દીઓને પડતી હાલાકી જાહેર ન કરી શકે, દર્દીઓની સમસ્યા સરકાર સુધી ન પહોંચે અને તંત્રના પાપ ઢકાયેલા રહે તે માટે પત્રકારો પર લગામ લગાવવા કારસો રચવામાં આવ્યો છે.

પત્રકારો વિવાદ ખડો કરશે. વાત સરકાર સુધી પહોંચશે તેવો ભય સિવિલ હોસ્પિટલના તંત્ર વાહકોમાં ફેલાયો છે. તે અંગે સૂત્રોએ કહ્યું કે, પત્રકારો ઉપર સુધી ફરિયાદ કરે તે પહેલાં જ આ વિવાદમાં કોઈ ચાલાકી વાપરવા તંત્ર વિચારી રહ્યું છે. સૂત્રોએ નિર્દેશ આપ્યો છે. સિવિલ હોસ્પિટલના મહત્વના અધિકારીઓ સિક્યુરિટી વ્યવસ્થાના સુપરવાઈઝર, કોન્ટ્રાકટર વગેરે સાથે ચર્ચા કરશે. હંગામી ધોરણે નિયમિત રિપોર્ટિંગ કરતા પત્રકારોને પાસ બનાવી આપશે. પણ જ્યારે પત્રકાર વોર્ડમાં જશે ત્યારે સાથે એક ગાર્ડ રહેશે. આ ગાર્ડસ સિવિલ હોસ્પિટલની બેદરકારી દર્શાવતી તસવીરો લેવા પર પત્રકારોને અટકાવશે. આ તરફ પત્રકારો રાહ જોઈ રહ્યા છે આગળ શું શું થવાનું છે.?

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત

## ● ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિરે યોગ શિબિરનું કરાયું આયોજન



ભારત હેડલાઈન, તા.૧૪

કિસાનપરા ચોકમાં આવેલ ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિર ખાતે તા.૧૬ને રવિવારે સાંજે ૬ થી ૮ દરમ્યાન ૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૪ની ઉજવણીના ભાગરૂપે યોગ શિબિરનું આયોજન યોગા માસ્ટર માં પ્રેમ નંદિની (નીના જોષી) દ્વારા કરવામાં આવ્યું છે. આ સંપૂર્ણ યોગ શિબિરનું સંચાલન માં પ્રેમ નંદિની દ્વારા કરવામાં આવશે. જેમાં યોગ અને સંસ્કૃતમાં માસ્ટર ડીગ્રી ધરાવે છે. ગુજરાત યોગ બોર્ડના ટ્રેનર, આર્ટ ઓફ લીવીંગના ટીચર અને લાઈફ મિશન યોગના ટ્રેનર રહી ચૂકેલ છે.

# રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા પેનલ એડવોકેટ માટે માર્ગદર્શક લીગલ સેમિનાર સંપન્ન



ભારત હેડલાઈન, તા.૧૪

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.દ્વારા ગુજરાત હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ અને સુપ્રિમ કોર્ટના સિનિયર કાઉન્સિલ સોનિયાબેન ગોકાણીના અધ્યક્ષ સ્થાને બેંકમાં કાર્યરત પેનલ વકિલો માટે માર્ગદર્શક લીગલ સેમિનાર બેંકની હેડ ઓફિસ, અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય ખાતે યોજવામાં આવ્યો હતો.આ તકે સોનિયાબેન ગોકાણીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે અત્યારની એડવાન્સ ટેકનોલોજીના સમયમાં આપણે બધા મહદઅંશે ગુગલ પર આધારિત રહીએ છીએ આ ટેકનોલોજીના કારણે આપણાં બધા માટે બધું સરળ થઈ ચુકયું છે.હું અહિંયા અનેક યંગ લોકોને જોઈ રહી છું.તેઓ ટેકનોસેવી જોવા મળે છે. આગામી તા.૧ જુલાઈથી ત્રણ નવા કાયદો અમલમાં આવી રહ્યા છે. આ કાયદાઓ ૨૫ ડિસેમ્બર ૨૦૨૩ થી અમલમાં આવ્યા હતા પંરતુ તે સમયે કેન્દ્ર સરકાર આ કાયદાને અમલમાં મુકવા થોડો સમય આપવો હિતાવહ છે. જેના કારણે આ કાયદા હવે અમલમાં આવી રહ્યા છે. આ તકે મને આશા છે કે તમે બધા આ દેશ માટે ઘણું બધું કરી શકો છો અને અવશ્ય કરસો જ તેમજ એડવોકેટની બાર પ્રત્યેની ભૂમિકા અને જસ્ટીસની બેંચ પ્રત્યેની ભૂમિકા અંગે વિશેષ છણાવટ કરી હતી. આ તકે બેંકના કાર્યકારી અધ્યક્ષ જીમ્મીભાઈ દક્ષિણીએ જણાવ્યું હતું કે, આ સેમિનારનો ઉદ્દેશ નોલેજ અપડેશન કરવાનો છે. તેમજ બે નિષ્ણાંતો દ્વારા વિષય સંબધીત ધનિષ્ઠ માહિતી આપવામાં આવે છે. સાથોસાથ વિચારોની આપ-લે થાય છે. અને પરસ્પર પરિચય વધે છે. વિશેષમાં બેંક વિશે બેંકનો બિઝનેશ રૂમ૦૦૪૮ કરોડનો થયો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪નાં અંતે અન ઓડિટેડ નફો રૂમ૩૩.૬૭ કરોડ નોંધાયેલ છે બેંકનું કુલ ઈન્વેસ્ટમેન્ટ રૂમ૮૭૬ કરોડ સીડી રેશિયો ૬૧.૨૬ ટકા છે.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડી૨–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭

Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# નહિ નફો નહિ નુકશાનના ધ્યેય સાથે નાનામવા ચોકમાં સદ્દભાવના મેડીકલ સ્ટોરનો પ્રારંભ

- મેડીક્લ સ્ટોરના ધંધામાં ૨૫ થી ૪૦% નફાખોરી વચ્ચે સત્કાર્યમાં વિક્ષેપ ઉભો કરવા કેમીસ્ટ એસો.નો પ્રયાસ : સેવા કાર્ય રોકવા ધાક ધમકીનો આક્ષેપ
- સંપૂર્ણ સેવા ભાવના સાથે લોકોનો સૌથી નીચા ભાવે દવા પહોંચાડવાનું નેક કાર્ય શરૂ થશે : વૃધ્ધાશ્રમ, વૃક્ષારોપણ સહિતની પ્રવૃત્તિ બાદ સામાજીક જવાબદારી માટે વધુ એક કદમ ઉઠાવતું સદભાવના ટ્રસ્ટ




ભારત હેડલાઇન, તા.૧૪


સેવાના ભાવથી આવતીકાલે નાનામવા સર્કલ પાસે સદભાવના વૃધ્ધાશ્રમ મેડીકલ સ્ટોરનો પ્રારંભ થઈ રહ્યો છે. જેમાં માત્ર સેવાના ભાવથી 'ન નફા ન નુકશાન'થી દવા આપવામાં આવશે. સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા છેલ્લા ઘણા વર્ષથી સેવા પ્રવૃત્તિઓ કરાય રહી છે. ત્યારે સેવાની પ્રવૃત્તિમાં વધુ એક છોગુ ઉમેરાણું છે. સદભાવના મેડીકલ સ્ટોર લોકોને 'ન નફા કે ન નુકશાન'ના ભાવે દવા અપાશે. જેમાં સંપૂર્ણ એલોપેથી દવાઓનું વેચાણ થશે. સદભાવના વૃધ્ધાશ્રમ મેડીકલ સ્ટોર શરૂ થાય તે પહેલા જ વિવાદમાં ફસાયું હતું. સદભાવના વૃધ્ધાશ્રમના પ્રમુખ વિજયભાઇ ડોબરીયા જણાવે છે કે સ્ટોર શરૂ કરવા માટે રાજકોટમાં મેડીસીન સપ્લાય કરતા લોકોનો સંપર્ક કરવામાં આવતા તેઓએ દવા આપવાની સખ્ત મનાઈ કરવામાં આવી હતી. જેના કારણે મેડીકલ સ્ટોર માટે મુંબઇ, અમદાવાદ, સુરત, મોરબીથી દવા મંગાવવામાં આવી છે. સેવાના ભાવે શરૂ કરવામાં આવેલ મેડીકલ સ્ટોર બંધ કરી દેવાની ધમકીઓ પણ અપાય છે. પરંતુ અમે અમારી સેવા પ્રવૃત્તિ માટે મક્કમ રીતે કામ કરીશું. ત્યારે કેમિસ્ટ અને ડ્રગીસ્ટ એસો.ના વિરોધ વચ્ચે મેડીકલ સ્ટોર શરૂ કરવામાં આવ્યો છે. ૧૦ દિવસ પૂર્વે રાજકોટ કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસો. અને સદભાવના ટ્રસ્ટની બેઠક મળી હતી. જેમાં સદભાવના ટ્રસ્ટએ કેમીસ્ટ પાસેથી દવાની માંગ કરી હતી પરંતુ તેઓએ પોતાનું નુકશાન જણાવી દવા આપવાની મનાય કરી હતી. ત્યારે સદભાવના ટ્રસ્ટે અન્ય જગ્યાએથી દવા મંગાવવાનું નક્કી કર્યું હતું. આવતીકાલે શરૂ થઈ રહેલ મેડીકલ સ્ટોરમાં તમામ પ્રકારની એલોપેથી દવાઓ મળશે દવા ઉપરાંત ઈન્જેકશન, ગ્લુકોઝના બાટલા તેમજ અન્ય સાધનો પણ ઉપલબ્ધ થશે. તમામ દવાઓ બ્રાન્ડેડ કંપનીઓ હશે. સદભાવના ટ્રસ્ટ સ્વ ખર્ચે મેડીકલ સ્ટોર ચલાવશે. વધુમાં સદભાવના વૃધ્ધાશ્રમના ટ્રસ્ટ દિનેશભાઈ ચોવટીયા જણાવે છે કે અમારા મેડીકલ સ્ટોરમાં તમામ પ્રકારની દવાઓ ઉપલબ્ધ થશે. 'ન નફા અને ન નુકશાન'ના ધોરણે શરૂ કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે અન્ય મેડીકલ સ્ટોરમાં ૧૦ થી ૫૦ ટકાનો પ્રોફીટગાળો હોય છે ત્યારે અમારે કોઈપણ પ્રકારના નફા વગર દવાનું વેચાણ કરવાનો હેતુ છે. આ મેડીકલ શરૂ કરવા માટે રાજકોટ કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસો. પાસે દવાની માંગણી કરી હતી. પરંતુ દવા આપવાની મનાઈ કરી અને આ પ્રવૃત્તિ બંધ કરવા જણાવ્યું હતું. સદભાવના વૃધ્ધાશ્રમ અનેક સેવા પ્રવૃત્તિઓ કરે છે. જેમાં વૃક્ષારોપણ, વૃધ્ધાશ્રમ, બળદાશ્રમ, ડોગી આશ્રમ જેવી સેવા પ્રવૃત્તિઓ કરે છે.

## ૬ હજાર લોકોની રોજી પર જોખમ : કેમીસ્ટ એસો. ચિંતામાં

રાજકોટ કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસીએશનનું કહેવું છે કે સદભાવના વૃધ્ધાશ્રમના આ પગલાથી ૬૦૦૦ પરિવારોને અસર પડશે તેઓ સેવાના ભાવથી મેડીકલ સ્ટોર શરૂ કરી રહ્યા હોય તો વિના મૂલ્ય દવા વહેચવાનું વલણ રાખે જેથી સાચી સેવા થાય. તેઓ પ્રોફીટ લઈને દવાઓનું વેચાણ કરશે. રાજકોટમાં ૨૫૦૦ મેડીકલ સ્ટોર, ૧૮૦૦ સેલ્સમેન, ૪૦૦ મેનેજર કામ કરે છે. આ મેડીકલ સ્ટોરથી અનેક સેલ્સમેન બેરોજગાર બની શકે છે. રાજકોટની જાણીતા મેડીકલ સ્ટોરમાં ૧૦ થી ૨૦ ટકા જેટલું ડિસ્કાઉન્ટ આપે છે ત્યારે સદભાવના વૃધ્ધાશ્રમ મેડીકલ સ્ટોર અન્ય મેડીકલ સ્ટોરને નુકશાન થઈ શકે છે.

# લ્યો બોલો.. સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી રૂમમાં જતા ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફને પણ અટકાવી દેવાયા !?

- ઘણા ડોકટર અને નર્સિંગ સ્ટાફને હજુ પાસ ન અપાયા હોવાથી બખેડો થઈ ગયો : ઈમરજન્સી રૂમ બહાર જમાવડો થયો





ભારત હેડલાઇન, તા.૧૪

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ડોકટર અને કર્મચારી વચ્ચે ઝપાઝપી થયા બાદ સિક્યુરિટી વધારી દેવાઈ છે. નિવૃત ફૌજીઓની સિક્યુરિટી ગાર્ડ તરીકે ભરતી થઈ છે. ઈમરજન્સી વિભાગ સહિત તમામ વોર્ડ બહાર ગાર્ડસ મૂકી દેવાયા છે. કોઈને પણ આઈકાર્ડ કે પાસ વગર નો એન્ટ્રી કરી દેવાઈ છે. જોકે આ વ્યવસ્થા થતા એક અવ્યવસ્થા પણ ઉભી થઈ છે. ઈમરજન્સી રૂમ બહાર શિફ્ટ ચેન્જ થઈ ત્યારે ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફનો જમાવડો થઈ ગયો હતો. ગાર્ડ દ્વારા સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી રૂમમાં જતા ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફને પણ અટકાવી દેવાયા હતા. કારણ કે આ લોકો પાસે આઈ કાર્ડ કે પાસ નહોતા. નિયમ મુજબ કોઈને પણ પાસ વગર જવા દેવાના નથી તેવી કડક સૂચના છે. જેથી આ અવ્યવસ્થા સર્જાઈ હતી. સ્ટાફ માંથી લોકોએ જણાવ્યું હતું કે, કેટલાક સિસ્ટર અને બ્રધર ૩ વર્ષથી કર્મચારી છે પણ તેઓને આઈ કાર્ડ અપાયું નથી. આ બનાવથી સવારમાં જ ઈમરજન્સી રૂમ બહાર લોકો એકત્ર થઈ ગયા હતા. ડોકટરોએ તેમના સિનિયરને ફોન કર્યા હતા પણ વહેલી સવારમાં ફોન સ્વીચ ઓફ આવતા હતા. ત્યાર બાદ ફરજ પર આગલી શિફ્ટમાં જે આઈ કાર્ડ સાથેના ડોક્ટરો હતા તેની મધ્યસ્થી પછી સ્ટાફને એન્ટ્રી અપાઈ હતી.

# રાજકોટ શહેર ભાજપ દ્વારા લોકસભાની ચૂંટણીના પરિણામોની વિધાનસભાવાઈઝ સમીક્ષા બેઠક યોજાઈ





## લોકસભાની ચૂંટણીના પરિણામમાં રાજકોટ શહેરના મતદારો ભાજપ તરફી રહયાનો સંતોષ મળ્યો : મુકેશ દોશી

ભારત હેડલાઇન, તા.૧૪

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની અખબારીયાદીમાં જણાવ્યું હતું કે તાજતેરમાં યોજાયેલ ૧૮મી લોકસભા ચુંટણીના પરિણામો ૪ જૂનના રોજ જાહેર કરવામાં આવ્યા હતા. આવેલ પરિણામોમાં સંગઠનાત્મક, રાજનીતિક અને સામાજીક દ્રષ્ટિથી અસરોના કારણોની ત્રણ રીતે સમીક્ષા કરવાની થતી હોય સમીક્ષા કરવા માટે રાજકોટ મહાનગરની ચારેય વિધાનસભા સીટ અંતર્ગત સીનીયર નેતાઓને જવાબદારી સોંપવામાં આવેલ જેમાં વિધાનસભા-૬૮ અને વિધાનસભા-૬૯ માં કિરીટ પાઠક, વિધાનસભા-૭૦ માં ડો.જયમનભાઈ ઉપાધ્યાય અને વિધાનસભા-૭૧ માં લાખાભાઈ સાગઠીયાને જવાબદારી સોંપવામાં આવેલ હતી. આ ચારેય વિધાનસભા બેઠકમાં આવતા સ્થાનિક ધારાસભ્યો,વોર્ડના જવાબદાર પ્રમુખો, મહામંત્રી, મોરચાના હોદેદારશ્રીઓ તેમજ જે તે વોર્ડના કોર્પોરેટરની સાથે રાજકોટ શહેર પ્રભારી પ્રકાશભાઈ સોની, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની ઉપસ્થિતમાં બેઠક યોજવામાં આવેલ હતી. આ બેઠકમાં બુથ, શક્તિકેન્દ્ર, પેજ પ્રમુખ, વોર્ડનું માળખું, વિવિધ મોરચા, બુથ સમિતી તેમજ અન્ય જવાબદારી સંભાળતા કાર્યકર્તાઓએ વોર્ડમાં ચુંટણી દરમ્યાન લોકસંપર્ક, બુથ સંપર્ક, ઘર ઘર સંપર્ક, વિવિધ બેઠકો, પ્લાનીગ કરી ભાજપ તરફી મત માટે કરેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવેલ હતી. જે બુથમાં ભાજપને ઓછા મત મળ્યા છે તેવા ઓછી લીડવાળા નબળા બુથના કારણની સમીક્ષા કરવામાં આવેલ હતી અને આગામી ચૂંટણીમાં ભાજપને વધુ લીડ મળે તે માટે પ્લાનીગ કરવામાં આવેલ હતું. આ તકે અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તા ઉપસ્થિત રહયા હતા. આ સમીક્ષા બેઠકને સફળ બનાવવા કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષી અને શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડે જહેમત ઉઠાવી હતી.

# સ્નેહ દેસાઈ દ્વારા બુસ્ટ યોર બિઝનેસ વર્કશોપ યોજાયો

## ૨૫૦થી વધારે બિઝનેસમેન ફોર્મુલા આપ્યાં




ભારત હેડલાઇન, તા.૧૪

રાજકોટ ખાતે સ્નેહ દેસાઈ દ્વારા બુસ્ટ યોર બિઝનેસ વર્કશોપ યોજાયો હતો. બિઝનેસને નવી દિશા અને સફળતાની ટોચ ઉપર ઝડપથી કેવી રીતે પહોંચાડી શકાય અને બિઝનેસમેન રોજિંદા કામમાંથી કેવી રીતે સમય બચાવીને બિઝનેસને ઓટો મોડ ઉપર મૂકી બીજા નવા-નવા સફળ બિઝનેસ કેવી રીતે શરૂ કરી શકે તથા પોતાની પ્રોડક્ટ ની ગુણવત્તા જાળવી રાખીને કેવી રીતે વધુમાં વધુ નફો મેળવી શકે તે વિશે ખૂબ જ રસપ્રદ નોલેજ ભારતનાં સૌથી સફળ બિઝનેસ કોચ સ્નેહ દેસાઈ દ્વારા આપવામાં આવ્યું હતું. જેવી રીતે ક્રિકેટમાં સ્કોર બોર્ડનું ખૂબ જ મહત્વ છે તેવી જ રીતે બિઝનેસમાં ફાઈનાન્સિયલ આંકડાઓનો શું મહત્વ છે તે ખૂબ જ સરળ રીતે પોતાના આગવા અંદાજમાં શીખવાડ્યું હતું અને ૨૫૦ થી પણ વધારે બિઝનેસમેન આ ફોર્મુલા સાંભળીને દંગ રહી ગયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તુષાર પાઠક (CFO - સ્નેહ વર્લ્ડ) અને રાજકોટથી ડોક્ટર અમિત મારુ અને મિત્રોએ જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત, સાવ નજીવા દરોમાં આગામી તારીખ ૪ જુલાઈના રોજ અમદાવાદ ખાતે યોજાનાર તેમના બિઝનેસ વર્કશોપની માહિતી આપી હતી જેની વધુ માહિતી માટે મો.નં. ૯૫૮૬૬ ૫૩૦૭૦ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# રાષ્ટ્રીય સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાજકોટ એકરંગ મનોદિવ્યાંગ સંસ્થાની દિકરીઓએ ફોલ્ક-ડાન્સ રજૂ કર્યો

ભારત હેડલાઇન, તા.૧૪

રાજકોટની એક રંગ નિઃશુલ્ક મનોદિવ્યાંગ દિકરીઓની સંસ્થાની ૨૫ દિકરીઓ અને બહેનો પુના ખાતે અખીલ સંસ્કૃતિક સંઘ,પુણે અને યુનેસ્કો દ્વારા આયોજીત ૨૦મા કલ્ચરલ ઓફ ફોરમ અને પર્ફોમીંગ આર્ટ્સના ગ્લોબલ હાર્મની ૨૦૨૪ના રાષ્ટ્રીય સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા ગયેલ. તારીખઃ ૨૧મેથી ૧ જૂન સુધી




ચાલતા આ કાર્યક્રમમાં સંસ્થાની દિવ્યાંગ દિકરીઓ તારીખઃ ૨૯ મે ના રોજ સ્પર્ધામાં ફોલ્ક ડાન્સ તથા બોલીવુડ ડાન્સ રજુ કર્યો હતો. સામાન્ય કલાકારોની વચ્ચે આ મનોદિવ્યાંગ દિકરીઓએ પોતાના કૌશલ્યો દેખાડીને આત્મવિશ્વાસ સભર નૃત્ય પ્રસ્તુતિ આપીને કાર્યક્રમમાં ઉપસ્થિત ન્યાયાધીશ, પ્રેક્ષકો તથા કલાકારોને ઉભા થઈને તાળીઓ પાડવા મજબુર કરી દીધા હતા. તા.૧ જૂન, ૨૦૨૩ના રોજ એવોર્ડ્સ સમારંભમાં જ્યારે દિવ્યાંગ દિકરીઓની કૃતિને ભારતભરના સ્પર્ધકોની વચ્ચે સુંદર કૃતિ તરીકે અનુક્રમે ફર્સ્ટ એવોર્ડ્સ તથા તૃતીય એવોર્ડ્સથી સન્માનીત કરવામાં આવી. ભારતભરમાંથી આવેલા કલાકારોએ ઓડીયન્સમાંથી ઉભા થઈને આ દિકરીઓને સન્માનીત કરી તાળીઓના ગડગડાટથી પુના ખાતેનો પંડીત જવાહરલાલ નહેરુ સાંસ્કૃતિક ભવનને ગુંજતો રાખ્યો હતો. સંસ્થાના પ્રમુખ દીપિકાબેન કમલેશભાઈ પ્રજાપતિએ ખુબ ખુબ અભિનંદન તથા શુભેચ્છાઓ મળી રહી છે.